જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૦૧/૨૦૨૨ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૮૭/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૮/૦૧/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૮	૦	૧૧૭૩૮	૧૭૮૪૮	૦	૧૭૮૪૮
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૮	૦	૧૨૮	૩૯૯	૦	૩૯૯
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૧૦૪૯	૧૫૫	૮૧૨૦૪	૮૨૦૮૪	૧૪૯	૮૨૨૩૩
કુલ		૯૭૬૪૮	૧૫૫	૯૭૮૦૩	૧૦૬૬૧૩	૧૪૯	૧૦૬૭૬૨

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૮	૫,૬૦,૭૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૫૬	૮,૫૬,૦૦૦/-

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૮૮/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી, ૧૦૪ લીટર દેશી દારૂ અને ૩ બોટલ ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૮ કેસ કરી ૪૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૪,૧૮૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૮૯/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૯૦/૨૦૨૨**

એલીસબ્રીજઃ સુધીરભાઇ ધીરુભાઇ ખેની (ઉ.વ.૩૯) (રહે. એલેન્ઝા ગ્રીન ફ્લેટ સોબો સેન્ટરની બાજુમા સાઉથ બોપલ) એ તા.૨૮/૦૧/૨૦૨૨ ના રોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે એલીસબ્રીજ આંબાવાડી ખાતે કલ્યાણ જવેલર્સ પાછળ આવેલ આનંદમંગલ-૦૩ કોર્શીયલ બીલ્ડીંગમા આવેલ ૫૦૧,રાઇજીન સોલાર એનર્જી કંપની ઓફીસ ખાતે અગાઉ કામ કરતા પરાગભાઇ દીલીપભાઇ શુક્લ (રહે. અભિલાષા ગોરાડીયાનગર ઘાટકોપાર મુંબઇ ઇસ્ટ મુંબઇ મહારાષ્ટ્ર) એ તા.૨૫/૦૭/૨૦૧૯ ના રોજ સુધીરભાઈને ફોન કરી જણાવેલ કે મુંબઈ ખાતે ઓળખીતા પ્રશાંતભાઇ સુરવે તમને સારો બીઝનેશ અપાવશે, તમે એમને એડવાન્સમાં રૂપિયા ૫,૫૧,૦૦૦/- આપો અને કામ નહી મળે તો પૈસા પરત મળી જશે તેમ કહી વિશ્વાસમાં લઈ સુધીરભાઈ ખેની પાસેથી તેઓના ખાતામાં રૂપિયા ૫,૫૧,૦૦૦/- ટ્રાન્સફર કરાવી મેળવી લઈ બીઝનેશ નહી અપાવી આજદિન સુધી પૈસા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ડી.પટેલ ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૯૧/૨૦૨૨**

ચાંદખેડાઃ લાલબહાદુર બળવંતસિંહ સિસોદીયા (રહે. પદ્મપ્રભુ સોસાયટી આઇ.ઓ.સી.રોડ ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૧/૨૦૨૨ કલાક ૯/૦૦ થી તા.૨૮/૦૧/૨૦૨૨ કલાક ૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ચાંદખેડા શૈલગંગા સોસાયટી સામે શિવમ કોમ્પ્લેક્ષ દુકાન નંબર-૧૨ ના શટરના તાળા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી હેવલ્સ કંપનીના પંખા નંગ-૪, ૨.૫ વોલ્ટના R.R કેબલના બંડલ નંગ-૪ અને મિક્ષર નંગ-૨ તેમજ કેશ કાઉન્ટરમાંથી રોકડ રૂપિયા ૮૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૫,૨૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જી.વી.ચૌધરી ચલાવે છે.

શહેરકોટડાઃ મનોજભાઇ ભગવાનદાસ ગુપ્તા (ઉ.વ.૪૩) (રહે. નિશુ એપાર્ટમેન્ટ લુહાર શેરી સરસપુર) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૧/૨૦૨૨ રાતના ૮/૦૦ થી તા.૧૯/૦૧/૨૦૨૨ કલાક ૯/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઇન્ડીયા બુલ્સ સેનટરમ કોમ્પ્લેક્ષ ખાતે દુકાન નં જી/૭ ના છતનુ પતરૂ તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી વાળનુ પાર્સલ કિમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી રામસિંહ જુજારસિંહ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૯૨/૨૦૨૨**

નિકોલઃ ભીમરાજ જેઠાજી રાજપુરોહિત (ઉ.વ.૪૪) (રહે. ઓતંબા સોસાયટી ખોડીયારનગર નિકોલ) એ અગમ્ય કારણરસર તા.૨૭/૦૧/૨૦૨૨ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી ગોળીઓ ખાઈ લેતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રામસિંહ ચેહરસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.